Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ ૧૫૮૮૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨૬/૦૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

આ સાથે સામેલ મે,સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી માધ્યમિક,ગાંધીનગરના પત્ર ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૨૨/૧૩૪૭૭-૫૧૦ તા.૦૬/૦૮/૨૦૨૨ અન્વયે યુવા મતદાર મહોત્સવ -૨૦૨૨ ની ઉજવણી કરવા બાબતે આ કચેરીના જા.નં/મા-૨/પરચ/૨૦૨૨/ ૧૧૪૪૦ તા.૧૦/૦૮/૨૦૨૨ થી જાણ કરવામાં આવેલ હતી.જે અંતર્ગત નીચે મુજબની નોંધ ધ્યાને લેવી .

**નોંધ :-સદર કાર્યક્રમ બાબતે તમામ શાળાઓએ કૃતિની વિગત ,ફોર્મ અને જરૂરી આધારો સાથે તા.૨૯/૦૮/૨૦૨૨ નાં રોજ બપોરે ૧૨ કલાક સુધીમાં અત્રેની કચેરીએ બિનચૂક જમા કરવવાની રહેશે.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૧૩૪૧૧-૫૧૦

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૬/૦૮/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'યુવા મતદાર મહોત્સવ-૨૦૨૨' ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૨૨-૪૩૦-વ.૨, તા.૪/૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મતદાર જાગૃતિ અને મતદા કેળવણી અભિયાન (SVEEP) અંતર્ગત નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાય તે માટે ચૂંટણી પંચની સૂચના અનુસાર યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી યુવા, શહેરી મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતિ આવે તે માટે પ્રતિ વર્ષની જેમ વર્ષ ૨૦૨૨ માં પણ આ વર્ષની થીમ - "આવો ચૂંટણી પ્રક્રિયાને સમાવિષ્ટ, સુગમ અને સહભાગી બનાવીએ" હેઠળ 'યુવા મતદાર મહોત્સવ' નું આયોજન કરવામાં આવેલ છે.

ઉક્ત મહોત્સવની ઉજવણી માટે બે કેટેગરી (કેટેગરી-A અને B મુજબની કૃતિઓ) માં સ્પર્ધાઓનું આયોજન કરેલ છે અને સ્પર્ધકો માટે વિભાગ-૧ અને ૨ નક્કી કરેલ છે. સામાન્ય વહીવટ વિભાગ, ઈલેક્શન પ્રભાગના તા.૧/૮/૨૦૨૨ ના પત્રથી આ સાથે સામેલ 'યુવા મતદાર મહોત્સવ-૨૦૨૨' માટેની માર્ગદર્શક સૂચનાઓમાં જણાવેલ તમામ સૂચનાઓનો અભ્યાસ કરી નિયત સમયમર્યાદામાં સ્પર્ધાઓનું સુચારૂ આયોજન થાય તે માટે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા તેમજ આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી જાણ કરવા તથા સૂચનાઓ પરિપત્રિત કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

ક્રમાંક:-પરચ-૧૨૨૦૨૦/૪૩૦/વ.૨

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાંધીનગર

તા.૦૪/૦૮/૨૦૨૨

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર

(૪) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

વિષય: ''યુવા મતદાર મહોત્સવ-૨૦૨૨''ની ઉજવણી કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના સામાન્ય વહિવટ વિભાગ, ઈલેકશન પ્રભાગના તા.૦૧/૦૮/૨૦૨૨ના પત્ર ક્રમાંક:ઈએલસી-૧૦૨૦૨૨-૩૯૮-છ(સ્વીપ)ની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, ઉકત પત્રમાં જણાવેલ સૂચનાઓ ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા તથા આપના હસ્તકની જિલ્લા કચેરીઓ/યુનિવર્સિટીઓ, માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળા/કોલેજોમાં આપની કક્ષાએથી જરૂરી સૂચના પરીપત્રીત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(આર.જે.દેસાઇ)

સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ

બિડાણ: ઉપરમુજબ

૨. આ સ્પર્ધાઓ નીચે જણાવેલ અલગ અલગ કક્ષાએ યોજવાની રહેશે. જુદી જુદી કક્ષાઓ માટે પ્રોત્સાહનની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સ્પર્ધાની કક્ષા | પ્રોત્સાહન |
|---|---|---|
| ૧ | ગ્રામ્ય કક્ષાએ | પ્રથમ, દ્વીતીય, તૃતીય ક્રમના વિજેતાઓને મામલતદારશ્રીની સહીથી પ્રમાણપત્ર એનાયત કરવું. |
| ૨ | તાલુકા કક્ષાએ | પ્રથમ, દ્વીતીય, તૃતીય ક્રમના વિજેતાઓને મતદાર નોંધણી અધિકારીશ્રીની સહીથી પ્રમાણપત્ર એનાયત કરવું. |
| ૩ | જિલ્લા કક્ષાએ | પ્રથમ, દ્વીતીય, તૃતીય ક્રમના વિજેતાઓને કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની સહીથી પ્રમાણપત્ર અને રોકડ રકમ (પત્રક-૧ મુજબ) |
| ૪ | રાજ્યકક્ષાએ | પ્રથમ, દ્વીતીય, તૃતીય ક્રમના વિજેતાઓને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની સહીથી પ્રમાણપત્ર અને રોકડ રકમ (પત્રક-૨ મુજબ) |

૩. **આ સ્પર્ધા માટે માર્ગદર્શક સુચનાઓ તથા કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ રાખેલ છે.** આ અંગેની તમામ કામગીરી કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી તરફથી હાથ ધરવામાં આવનાર છે.(પત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે.)

૪. ઉપર્યુક્ત મહોત્સવની ઉજવણીના પ્રત્યેક તબક્કે કોરોના મહામારીનું સંક્રમણ ન ફેલાય તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની તે સંબંધેની તમામ સુચનાઓ અને S.O.P નું પાલન દરેક તબક્કે અચૂક કરવામાં આવે, તે જરૂરી છે.

૫. આ સંદર્ભમાં યુવા મતદાર મહોત્સવ, ૨૦૨૨ રાજ્યની દરેક માધ્યમિક અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો, યુનિવર્સીટીઓ તથા અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અચૂક યોજવામાં આવે અને આ કાર્યક્રમ માં શૈક્ષણિક સંસ્થાઓમાં નિયુકત થયેલ કેમ્પસ એમ્બેસેડર / ડેજીગ્નેટેડ ઓફિસર્સને ઘનિષ્ટ રીતે સાંકળી લેવામાં આવે તે મુજબનું આયોજન થાય તે અંગેની સુચનાઓ સંબંધિતોને આપવા વિનંતી છે.

**આપની વિશ્વાસુ,**

(પી. ભારતી)
**મુખ્ય નિર્વાચન અધિકારી**
**ગુજરાત.**

**બિડાણ : ઉપર મુજબ**

નકલ રવાના:-

- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કિમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૯, પહેલો માળ, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

# યુવા મતદાર મહોત્સવ–૨૦૨૨ માટેની માર્ગદર્શક સૂચનાઓઃ–

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાતના પત્ર ક્રમાંકઃઈએલસી–૧૦૨૦૨૨–૩૯૮–છ(સ્વીપ) નું બિડાણ

(૧) "આવો ચૂંટણી પ્રક્રિયાને સમાવિષ્ટ, સુગમ અને સહભાગી બનાવીએ" થીમના સંદર્ભમાં નીચે મુજબની કૃતિઓ તૈયાર કરવાની રહેશે.

| | | સ્પર્ધાનું નામ | વિષય/થીમ |
|---|---|---|---|
| કેટેગરી –A | (૧) | મતદાર જાગૃતિ સંદર્ભે ઓડીયો ગીત/સંદેશ – (એક થી બે મિનિટ) | ➢ મતદારયાદી, નામ નોંધણી, સુધારા વધારા<br>➢ ગીતો (મત નું મહત્વ, મતદારનું મહત્વ, લોકશાહીમાં ચૂંટણી પર્વ અથવા અન્ય ચૂંટણીલક્ષી ગીત ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં) |
| | (૨) | મતદાર જાગૃતિ સંદર્ભે વિડીયો ( એક થી બે મિનિટના) | ➢ લોકશાહીમાં ચૂંટણીનું મહત્વ, નૈતિક મતદાન, મતદારયાદીની અગત્યતા, મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા- વધારા અંગેની સરળ/ ઓનલાઈન પ્રક્રિયા જેવી ચૂંટણી વિષયક બાબતોને આવરી લેતો વીડિયો બનાવવાનો રહેશે. |
| | (૩) | ➢ ઇ–પોસ્ટર્સ | ➢ મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા, લોકશાહી, મતદાન તથા ચૂંટણી વિષયક અન્ય ઉપયોગી માહિતી. |
| કેટેગરી –B | (૧) | ટેગલાઇન/સ્લોગન/સુત્રો | ➢ 'મારો મત મારો અધિકાર', મતનું મુલ્ય, નૈતિક મતદાન, 'સમાવેશી ચૂંટણી– દરેક મતનું મુલ્ય સમાન છે.', 'NOTA', મતદાર તરીકેની નોંધણી તથા મતદારોની જાગૃતિ માટેના સુત્રો/ ટેગલાઇન/સુત્રો. |
| | (૨) | પોસ્ટર ડીઝાઇન (૧૨" x ૧૮"ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ ઉપર ) | ➢ મતદાનની અપીલ, મતદારયાદીમાં નામ નોંધણીની અપીલ દર્શાવતુ પોસ્ટર |

(૨) **આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અનુસરવાની કાર્યપધ્ધતિ**

**વિભાગ–૧:–** આ વિભાગમાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. (ધોરણ–૯ થી ધોરણ–૧૨ અને વિજ્ઞાન /વિનયન/ વાણિજયક/ તબીબી/એન્જીનીયરીંગ તેમજ અન્ય ઉચ્ચ શૈક્ષણીક સંસ્થાઓ/ કોલેજો તથા ITIના વિદ્યાર્થીઓ)

**વિભાગ–૨:–** આ વિભાગમાં ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથના સામાન્ય મતદાર તરીકેની લાયકાત ધરાવતાં પરંતુ મતદાર તરીકેની નોંધણી માટે અરજી કરેલ હોય તેવા તમામ નાગરિકો ભાગ લઇ શકશે. આ ઉપરાંત આ વિભાગમાં –Voter Awareness Forum (VAF), ચુનાવ પાઠશાળાના સભ્યો તેમજ ગુજરાત રાજ્યમાં ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા જુદા જુદા વિભાગના કર્મચારીઓ/ અધિકારીઓ જેમકે શિક્ષક, બૂથ લેવલ અધિકારી, બી.એલ.ઓ. સુપરવાઇઝર, સેક્ટર ઓફિસર, નાયબ મામલતદાર

કલાર્ક , મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી, નાયબ/અધિક જિલ્લા ચૂંટણી અધિકારી ભાગ લઈ શકશે.

૨.૧ સ્પર્ધામાં ભાગ લેતાં સ્પર્ધકે તેમની કૃતિ સાથે તેમનો મતદારયાદીમાં નોંધણી ક્રમાંક, મતદાર ફોટો ઓળખકાર્ડ(EPIC)ની નકલ અરજીપત્ર સાથે રજૂ કરવાની રહેશે. જે સ્પર્ધક હાલ મતદાર યાદીમાં નોંધાયેલ ન હોય પરંતુ મતદારયાદીમાં નોંધણી માટે ફોર્મ ભરેલ હોય તેમણે તે ફોર્મની પાવતી પુરાવા તરીકે અરજીપત્ર સાથે જોડવાની રહેશે. માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આ શરત લાગુ પડશે નહીં.

૨.૨ કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને મળેલ કૃતિઓ પૈકી જિલ્લાકક્ષાએ ઉપર જણાવેલ બંને વિભાગોમાંથી રજૂ થયેલ કૃતિઓ પૈકી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવાની રહેશે.

૨.૩ જિલ્લાકક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ રાજ્યકક્ષાએ પસંદગી સારૂ અંતે રજૂ કરવાની રહેશે.

(3) **કૃતિઓ તૈયાર કરવા અંગેના માપદંડોઃ–**

- પોસ્ટર ૧૨"x૧૮"ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ પર તૈયાર કરવાના રહેશે.
- પોસ્ટર ડિઝાઈન સંપૂર્ણ ઓરીજનલ વર્ક હોવું જોઈશે. ક્લિપ આર્ટ ઈમેજને માન્ય રાખવામાં આવશે નહીં.
- મતદાર જાગૃતિ સંદર્ભે ઓડિયો/ગીત સંદેશ સોફ્ટ કોપીમાં તૈયાર કરવાના રહેશે. જે અત્રે સોફ્ટ કોપી તથા હાર્ડ કોપીમાં(સ્ક્રિપ્ટ) રજૂ કરવાની રહેશે.
- સ્પર્ધક દ્વારા બનાવવામાં આવનાર વીડિયો ડિજીટલ સ્વરૂપે, Full HD (1080 p Quality) માં તૈયાર કરવાનો રહેશે.

(4) **સ્પર્ધામાં ભાગ લેવા અંગેની લાયકાતઃ–**

➢ વિભાગ–૧ અંતર્ગત ભાગ લેનાર કોલેજ/યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે જેઓ તા.૦૧–૧૦–૨૨ની લાયકાતની તારીખના સંદર્ભમાં ૧૮ વર્ષની વય ધરાવતાં હોય તેવા તેમજ સામાન્ય નાગરિકની મતદાર તરીકે તેમના સામાન્ય રહેઠાણના સ્થળે નોંધણી થયેલી હોવી જોઇએ, અથવા મતદાર તરીકે નોંધણી માટે ફોર્મ નં.૬ ભરેલ હોવું જોઈશે. વિભાગ–૧ માં ભાગ લેતાં માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આ શરત લાગુ પડશે નહીં.

➢ વિભાગ–૨ અંતર્ગત ભાગ લેનાર સ્પર્ધકોના નામ મતદારયાદીમાં નોંધાયેલ હોવા જોઈએ અથવા મતદાર તરીકે નોંધણી માટે અરજી કરેલ હોવી જોઈશે.

ઉપર જણાવેલ બંન્ને કેટેગરીમાં સ્પર્ધકે જો તેમની કૃતિ સમૂહમાં કે સંયુકત રીતે તૈયાર કરેલ હોય તો, સ્પર્ધક ઉપરાંત કૃતિ સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ જો ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના હોય તેવા કિસ્સામાં મતદાર યાદીમાં નોંધાયેલ અથવા મતદાર તરીકે નોંધણી માટે ફોર્મ નં. ૬ ભરેલું હોવું જોઇશે. આવા કિસ્સામાં તેમના મતદાર ફોટો ઓળખકાર્ડની નકલ અને /અથવા જે સ્પર્ધક હાલ મતદાર યાદીમાં નોંધાયેલ ન હોય, પરંતુ મતદાર યાદીમાં નામની નોંધણી માટે ફોર્મ ભરેલ હોય તો, ફોર્મ રજૂ કર્યાની પાવતી પુરાવા તરીકે અરજીપત્ર સાથે જોડવાની રહેશે.

(૫) <u>અન્ય શરતો:-</u>

❖ વિભાગ-૧ અને ૨ અંતર્ગત ભાગ લેનાર સ્પર્ધકો માટે તારીખ: ૧૨/૦૮/૨૦૨૨ થી ૨૨/૦૮/૨૦૨૨ દરમ્યાન યોજવાની રહેશે. વિદ્યાર્થીઓ માટે આ સ્પર્ધા જે તે શૈક્ષણિક સંસ્થામાં યોજવાની રહશે.

❖ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ કૃતિઓ જિલ્લાકક્ષાએ પસંદગી માટે સૌ પ્રથમ જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્ય, કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા વ્યકિત અને શિક્ષણવિદની બનેલ કમિટિ દ્વારા શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી, આચાર્યના પ્રમાણપત્ર સહિત તેમના જીલ્લા કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના તરફથી અધિકૃત કરેલ અધિકારીને મોકલી આપવાની રહેશે.

❖ વિદ્યાર્થીઓ સિવાયના વિભાગ-૨ અંતર્ગત ભાગ લેતા સ્પર્ધકે તેમની કૃતિઓ તેમનું નામ જે મતવિભાગની મતદાર યાદીમાં નોંધાયેલ હોય તે મતવિભાગ જે જીલ્લામાં સમાવિષ્ટ થતો હોય તે જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી સમક્ષ સીધી રજૂ કરવાની રહેશે.

❖ સ્પર્ધકના પ્રવેશપત્રને જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્યએ પ્રમાણિત કરી, જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્યના તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યો મતદારયાદીમાં નોંધાયેલ છે તેની વિગત રજૂ કરવાની રહેશે.

❖ સ્પર્ધક પોતે તેમજ પોતાના કુટુંબના સભ્યોના નામ મતદારયાદીમાં નોંધાયેલ ન હોય તો તેમના નામ મતદારયાદીમાં નોંધાવામાં આવશે તે મુજબનું એકરારનામું રજુ કરવાનું રહેશે.

❖ શાળાના / કોલેજના આચાર્યએ નિયત કરાયેલ એકરારનામું સ્પર્ધક પાસેથી પ્રવેશપત્ર મેળવવાનું રહેશે.

૪. ઉપર્યુકત બે વિભાગો માટેની કેટેગરી-A તથા કેટેગરી-B હેઠળની સ્પર્ધાઓ માટે મળેલ કૃતિઓ પૈકી જીલ્લાકક્ષા માટે શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી કરવા માટે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતા હેઠળ પસંદગી સમિતિની રચના કરવાની રહેશે. આ સમિતિ સમક્ષ દરેક કેટેગરીની મળેલ કૃતિઓ રજૂ કરી, બન્ને વિભાગોની દરેક કટેગરી માટે શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવાની રહેશે. પસંદગી કમિટિએ તેઓને મળેલ કૃતિઓમાંથી દરેક વિભાગની દરેક કેટેગરીમાંથી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓને રાજયકક્ષાએ પસંદગી સારૂ મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીમાં રજૂ કરવાની રહેશે.

૫. યુવા મતદાર મહોત્સવ, ૨૦૨૨ સ્પર્ધામાં ભાગ લેવા માટેનું પ્રવેશપત્ર જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્ય પાસે ઉપલબ્ધ કરાવવાનું રહેશે. આ સ્પર્ધા માટે નું પ્રવેશપત્ર નીચેની કચેરીએ થી તેમજ મુખ્ય નિર્વાચન અધિકારશ્રી ની વેબ સાઈટ www.ceogujarat.gov.in પરથી તથા વેબ સાઈટ પર youth Corner પરથી પણ ઉપલબ્ધ થાય તે મુજબનું આયોજન કરીએ. સ્પર્ધા માટેના પ્રવેશપત્રો નીચે જણાવેલ સ્થળેથી મેળવી શકશે.

| **વિદ્યાર્થી માટે** | **તેઓ જે સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તે સંસ્થા** |
|---|---|
| ગ્રામ્ય કક્ષાએ | • પંચાયત કચેરી અથવા તલાટી |
| તાલુકા/શહેર કક્ષાએ | • મામલતદાર/તાલુકા વિકાસ અધિકારીની કચેરીમાં કાર્યરત જન સેવા કેન્દ્ર<br>• મહાનગરપાલિકા/ નગરપાલિકાના નાગરિક સુવિધા કેન્દ્ર |
| જિલ્લા કક્ષાએ | • કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં કાર્યરત જન સેવા કેન્દ્ર.<br>• જિલ્લા પંચાયત કચેરીના જન સેવા કેન્દ્ર |

❖ યુવા મતદાર મહોત્સવ –૨૦૨૨ દરમ્યાન શૈક્ષણિક સંસ્થાઓ તરફથી કે વ્યક્તિગત રજૂ થનાર કૃતિઓ તારીખ: ૩૦.૦૮.૨૦૨૨ સુધીમાં કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત કરવામાં આવેલ સક્ષમ અધિકારીને મોકલી આપવાની રહેશે.

❖ જિલ્લાકક્ષાએ દરેક કેટેગરીની સ્પર્ધાઓમાંથી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી માટે તારીખ ૦૫/૦૯/૨૦૨૨ સુધીમાં જિલ્લા કક્ષાની કમિટિની બેઠક બોલાવી તે અંગે નિર્ણય કરવાનો રહેશે.

❖ જિલ્લાકક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ તા.૧૦/૦૯/૨૦૨૨ સુધીમાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીને રાજ્યકક્ષાએ પસંદગી માટે રજૂ કરવાની રહેશે.

❖ જિલ્લા તરફથી મળેલ કૃતિઓ ઉપર રાજ્યકક્ષાની પસંદગી સમિતીની બેઠક ઓક્ટોબર મહિનામાં પ્રથમ અઠવાડિયે બોલાવી દરેક કેટેગરીમાં રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવામાં આવશે.

❖ અગાઉના વર્ષો દરમિયાન યોજવામાં આવેલ યુવા મતદાર મહોત્સવ અંતર્ગત રચવામાં આવેલ કમીટી ચાલુ રાખવી કે કેમ તેનો નિર્ણય કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીએ કરવાનો રહેશે. જો નવી કમીટીની રચના કરવી જરૂરીયાત જણાયતો સમયસર કમીટીની રચનાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

❖ ગ્રામ્ય કક્ષાએ યુવા મતદાર મહોત્સવના વિજેતા પ્રથમ ત્રણ સ્પર્ધકોને રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૨૩ની ઉજવણી દરમિયાન મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી, તાલુકાકક્ષાએ મતદાર નોંધણી અધિકારીશ્રી તથા જિલ્લાકક્ષાના વિજેતાઓને જિલ્લા ચૂંટણી અધિકારીની સહીથી પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવાના રહેશે.

❖ 'યુવા મતદાર મહોત્સવ–૨૦૨૨' ના દરેક વિભાગમાં બંને કેટેગરીઓની કૂલ પાંચ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર વિજેતાઓને જિલ્લાકક્ષાએ પ્રમાણપત્ર અને આ સાથે સામેલ **પત્રક–૧ માં** દર્શાવ્યા મુજબની રકમ પુરસ્કાર રૂપે એનાયત કરી 'રાષ્ટ્રીય મતદાન દિવસ,૨૦૨૩' ની ઉજવણી દરમિયાન સન્માનિત કરવાના રહેશે.

❖ તારીખ ૧૨ ઓગસ્ટ થી ૨૨ ઓગસ્ટ સુધીમાં પસંદગીના દિવસોએ સ્પર્ધાનું આયોજન કરવું.

❖ કેટેગરી ૧ માં ભાગ લેવા ઇચ્છતા યુવામિત્રોને પોતાની કૃતિઓ અગાઉથી બનાવીને સાથે લઇને આવવાની રહેશે. જયારે કેટેગરી ૨ માટે, સ્પર્ધકો સ્થળ પર કૃતિ બનાવી શકશે.

❖ સ્પર્ધકોને પોતાની રચનાત્મકતા માટે પૂરતો સમય મળી રહે તે સુનિશ્ચિત કરવું.

❖ જરૂર જણાયે જરૂરી સાધન સામગ્રી પુરી પાડવી.

❖ સ્પર્ધાના દિવસે દરેક સ્પર્ધકે મતદારયાદીમાં નોંધણીની વિગત બતાવવાની રહેશે, અથવા નોંધણી ન કરાવેલ હોય તો સ્થળ પર જ નોંધણી કરાવી શકે/ અરજી કરી શકે તેવી વ્યવસ્થા રાખવાની રહેશે.

❖ સ્પર્ધાના સ્થળ પર દરેક સ્પર્ધકને પોતાના મોબાઈલમાં વોટર હેલ્પલાઇન એપ ડાઉનલોડ કરવા માટે પ્રેરિત કરવા.

❖ યુવા મતદાર મહોત્સવનો પ્રારંભ શૈક્ષણિક સંસ્થાઓમાં એક જાગૃતિ કાર્યક્રમ સાથે કરવો. આ કાર્યક્રમમાં મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવું. આ કાર્યક્રમ માટેની રૂપરેખા આ સાથે આપેલ છે તે પ્રમાણે તેનું આયોજન કરવું.

**********************************************

# Application Form for the competition of Young Voters' Festival, 2022

Recent Passport size Photographs of the applicant

| | | |
|---|---|---|
| 1 | Name of Applicant | |
| | Name of Father/ Husband | |
| | Surname | |
| 2 | Full Address of the applicant | |
| 3 | Contact details of the applicant | Landline No. |
| | | Mob No. |
| | | e-mail |
| 4 | Date of Birth | |
| | Age as on 01-10-2022 | |
| 5 | Are you registered as an elector? | |
| | If, yes | |
| | Elector Photo Identity Card No. | |
| | Name of Assembly Constituency, in which registered as an elector. | |
| 6 | Applied for category | Category-A |
| | | Category-B |
| (1) | Details of the applicant for the student category. | |
| | • Name of Educational Institute | |
| | • Full address | |
| | • Contact details of Institute | |
| (2) | Details of the applicant for the General Voters/Member of Chunav Pathshala/Teacher /BLO/Ex.BLO etc. | |
| | • Educational Qualification | |
| | • Designation | |
| | • Profession | Service / Business / Professional/Any Other |
| | • Details of profession | |
| | • Address of profession | |
| 7 | Submitted entry is Individual or in Group? | Individual / Group |
| 8 | If entry is based on traditional folk art, please give details | |

# યુવા મતદાર મહોત્સવ, ૨૦૨૨ ની સ્પર્ધામાં ભાગ લેવા માટેનું પ્રવેશપત્ર

સ્પર્ધકનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો

| | | |
|---|---|---|
| ૧ | સ્પર્ધક નું નામ | |
| | પિતા /પતિનું નામ | |
| | અટક | |
| ૨ | સ્પર્ધકનું પૂરૂ સરનામું | |
| ૩ | સ્પર્ધકનો સંપર્ક નંબર/ ઇ-મેઇલ એડ્રેસ | Land Line No. |
| | | Mob No. |
| | | e-mail |
| ૪ | જન્મ તારીખ | |
| | તા.૦૧-૧૦-૨૦૨૨ના રોજ ઉંમર | |
| ૫ | મતદાર તરીકે નોંધણી થયેલ છે કે કેમ ? | |
| | જો હા તો | |
| | મતદાર ફોટો ઓળખકાર્ડનો નંબર | |
| | હાલ કયા વિધાનસભા મતવિભાગમાં નોંધાયેલ છો તે મતવિભામગનું નામ | |
| ૬ | કઇ કેટેગરીમાં કૃતિ રજૂ કરવાની છે. | કેટેગરી-A ☐ |
| | | કેટેગરી-B ☐ |
| (૧) | **વિદ્યાર્થી સ્પર્ધકની વિગતોઃ** | |
| | • શૈક્ષણિક સંસ્થાનું નામ | |
| | • શૈક્ષણિક સંસ્થાનું પુરૂ સરનામું | |
| | • સંસ્થાનો સંપર્ક નંબર | |
| (૨) | **સામાન્ય મતદાર/ ચુનાવ પાઠશાળાના સભ્ય/શિક્ષક/બી.એલ.ઓ/પૂર્વ બી.એલ.ઓ ની વિગતો** | |
| | • શૈક્ષણિક લાયકાત | |
| | • હોદ્દો | |
| | • નોકરી/ધંધો/વ્યસાય | |
| | • નોકરી,ધંધો,વ્યસાયની વિગત | |
| | • નોકરી,ધંધો, વ્યસાયનું સરનામું | |
| ૭ | રજૂ કરવામાં આવના કૃતિ વ્યકિતગત કે જૂથમાં | વ્યકિતગત ☐ / જૂથમાં ☐ |
| ૮ | જો કૃતિ લોકકળા આધારિત હોયતો તેની વિગતો | |

# એકરાર નામુ

આથી હું એકરાર કરું છું કે,

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ મતદાર યાદી સુધારણા અભિયાન અંતર્ગત મતદારની વ્યાપક અને ગુણવત્તાયુકત ભાગીદારી અન્વયે યુવા મતદાર મહોત્સવ, ૨૦૨૨ અંતર્ગત યોજવામાં આવેલ સ્પર્ધામાં મેં I / II કેટેગરીમાં ભાગ લીધેલ છે, આ અભિયાનમાં હું પણ સક્રિય રીતે જોડાઇશ અને હું મારા કુટુંબના સભ્યો તથા મારા રહેણાંકના વિસ્તારમાં આવતી સોસાયટી/ફ્લેટમાં રહેતાં અને લાયકાત ધરાવતાં દરેક નાગરિકોના નામ મતદારયાદીમાં નોંધાય, તેમજ નોંધાયેલ મતદારોના નામમાં રહેલ ભૂલોની સુધારણા થાય તે માટે હું માર વિસ્તારના બુથ લેવલ અધિકારીને મારો સહયોગ આપીશ તથા તે માટે તમામ શકય પ્રયત્નો કરીશ.

તારીખ:

સ્થળ:

----------------

સ્પર્ધકની સહી

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી /શ્રીમતી/કુમારી ..........................................આ સંસ્થામાં ................વર્ગ/ફેકલ્ટીમાં અભ્યાસ કરે છે. પ્રવેશપત્રમાં દર્શાવવામાં આવેલ વિગતો ની ચકાસણી કરવામાં આવેલ છે અને તે શાળાના રેકર્ડ મુજબ બરાબર માલુમ પડેલ છે.

પ્રમાણિત કરનાર અધિકારીનું નામ

અધિકારીનો મતદાર ફોટો ઓળખ નંબર

-----------------

આચાર્ય /સક્ષમ અધિકારીની સહી

અને સિક્કો

'યુવા મતદાર મહોત્સવ – ૨૦૨૨" ના પ્રારંભે યોજવાના કાર્યક્રમની રૂપરેખા

| ક્રમ | કાર્યક્રમની વિગત | અંદાજિત સમયગાળો |
|---|---|---|
| ૧ | સ્વાગત તથા વિષય પરિચય : મતદારયાદીમાં નામ નોંધણી: મહત્વ, પ્રક્રિયા, ઓનલાઇન સેવાઓ, નવા સુધારા મુજબ લાયકાતની તારીખો વગેરે | ૫ મિનિટ |
| ૨ | પ્રેઝેન્ટેશન/ વીડિયો : ભારતનું લોકતાંત્રિક માળખું, ચૂંટણી પ્રક્રિયા, મતાધિકાર, મતનું મહત્વ, લોકભાગીદારી, મતદાનની પ્રક્રિયા, EVM - VVPAT દ્વારા મતદાન વગેરે.<br>(PPT : 'સરળ મતદાર નોંધણી' વિશે(૯ – સ્લાઇડ),<br>વીડિયો : સમગ્ર મતદાન પ્રિક્રિયા વિશે (૪ – મિનિટ)) | ૮ થી ૧૦ મિનિટ |
| ૩ | વોટર હેલ્પલાઇન એપના ઉપયોગ પર વિડીયો ફિલ્મ | ૪ મિનિટ |
| ૪ | સર્વે સહભાગીઓ દ્વારા વોટર હેલ્પલાઇન એપ ડાઉનલોડ કરવું | ૫ મિનિટ |
| ૫ | યુવાનો કઈ રીતે યોગદાન આપી શકે | ૨ થી ૫ મિનિટ |
| ૬ | સામુહિક રીતે મતદાર તરીકેની પ્રતિજ્ઞા લેવી | ૧ થી ૨ મિનિટ |
| ૭ | પ્રશ્નોત્તરી સેશન | -- |
| ૮ | આભારવિધિ | -- |
| | કુલ સમય (અંદાજે) | ૩૦ થી ૪૦ મિનિટ |

# યુવા મતદાર મહોત્સવ -૨૦૨૨ જિલ્લાકક્ષાએ થનાર ખર્ચ .

| | | સ્પર્ધાનું નામ | વિજેતા ક્રમાંક | વિભાગ-૧ | વિભાગ-૨ | કુલ |
|---|---|---|---|---|---|---|
| કેટેગરી -A | (૧) | મતદાર જાગૃતિ સંદર્ભે ઓડીયો ગીત/સંદેશ -૦૧ ( ૨-૩ મિનિટના ) | પ્રથમ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૫૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ |
| | | | તૃત્તીય | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | કૂલ | **૫૦૦૦** | **૫૦૦૦** | **૧૦,૦૦૦** |
| | (૨) | મતદાર જાગૃતિ સંદર્ભે વિડીયો (૨-૩ મિનિટના ) | પ્રથમ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૫૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ |
| | | | તૃત્તીય | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | કૂલ | **૫૦૦૦** | **૫૦૦૦** | **૧૦,૦૦૦** |
| | (૩) | ઇ-પોસ્ટર્સ (મતદારયાદીમાં નામ નોંધણી, સુધારણાં, લોકશાહી, મતદાન વિગેરે બાબતો ઉપર) | પ્રથમ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | દ્વિતીય | ૭૫૦ | ૭૫૦ | ૧૫૦૦ |
| | | | તૃત્તીય | ૨૫૦ | ૨૫૦ | ૫૦૦ |
| | | | કૂલ | **૨૦૦૦** | **૨૦૦૦** | **૪૦૦૦** |
| કેટેગરી -B | (૧) | ટેગલાઇન/સ્લોગન/સુત્રો | પ્રથમ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | દ્વિતીય | ૭૫૦ | ૭૫૦ | ૧૫૦૦ |
| | | | તૃત્તીય | ૨૫૦ | ૨૫૦ | ૫૦૦ |
| | | | કૂલ | **૨૦૦૦** | **૨૦૦૦** | **૪૦૦૦** |
| | (૨) | પોસ્ટર ડીઝાઇન ( ૧૨" X ૧૮"ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ ઉપર ) | પ્રથમ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃત્તીય | ૫૦૦ | ૫૦૦ | ૧૦૦૦ |
| | | | કૂલ | **૩૦૦૦** | **૩૦૦૦** | **૬૦૦૦** |